# ધાનેરા તાલુકામાં લોકરક્ષક ગણાતી પોલીસની વધી રહેલ અસુરક્ષા

## ઘણા સમયથી બેઠેલ પોલીસ કર્મચારીઓની બદલી થવી જરૂરી છે

પોલીસ લોકોનાં હિત માટે રક્ષક તરીકે ગણવામાં આવે છે પરંતુ ધાનેરા માં દારૂ નાં અડ્ડાઓ જેતે પરિસ્થિતિ ચાલું છે રાત્રીના સમય દરમ્યાન ચોરીનાં બનાવો તેમજ બાઈક ની ઉઠાતરીઓ નાં કેસ અને ચીલ ઝડપ નાં બનાવો વધી રયા છે તેમજ ટ્રાફિક વ્યવસ્થા માં પણ કોઈ પણ જાતની તકેદારી રાખવામાં આવતી નથી કોઈ પણ સ્થળે પોલીસ પોઈન્ટ જોવા મળતો નથી અને આવનાર ફરીયાદી ની ફરીયાદ લેવામાં આવતી નથી અને ધક્કે ચડાવવામાં આવે છે તેવું ધાનેરા તાલુકામાં લોક મુખે ચર્ચાઈ રહ્યું છે ફક્ત પોલીસ સ્ટેશન માં બેસી પોતાનાં માનીતાં વ્યક્તિઓ સાથે મોજ કરવામાં મશગુલ રયા છે? સરકારી પગાર ટાઈમ સર મળે છે તથાં અન્ય દરવાજાઓ પણ ખુલ્લા છે તેથી કોઈ પણ જાતની તેઓને ચિંતા નથી.

આ બાબતે ધાનેરા પોલીસ ખાતામાં ધણા સમયથી બેસી રહેલ પોલીસ કર્મચારીઓ ની બદલી થવી જરૂરી છે તેમજ અધિકારીઓ નું એક તરફી વલણ હોવાથી તંત્ર કોઈ પણ જાતની જવાબદારી માં સમજી નથી તો તેવાં અધિકારી ની પણ બદલી થાય અને નવાં નિડર અધિકારી તથાં પોલીસ જવાનો આવે તો ધાનેરા સુરક્ષિત થાય તેવું લોકોમાં ચર્ચાસ્પદ વાતો થઈ રહી છે આ બાબતે જીલ્લા પોલીસ વડાં ધાનેરા તાલુકાની અ સુરક્ષિત પ્રજા ને ન્યાયમળે તેવી લોકોની માંગ છે.



**પાલનપુર ખાતે પોસ્ટકર્મીઓએ વિરોધ પ્રદર્શિત કર્યો**

પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને પાલનપુર પોસ્ટના કર્મચારીઓ પણ હડતાલ ઉપર ઉતર્યા છે. રાષ્ટ્રવ્યાપી હડતાળના સમર્થનમાં પોસ્ટના કર્મચારીઓ પણ જોડાયા છે. ન્યુ પેન્શન સ્કીમ બંધ કરી જુની પેન્શન સ્કીમ ચાલુ રાખવા તેમજ સ્ટાફની ભરતી સહીતની માંગણીઓને લઈને હડતાલ ઉપર ઉતર્યા છે. પાલનપુર હેડ પોસ્ટ ઓફીસ ખાતે કર્મચારીઓ એકત્ર થઈ કાળા કપડા પહેરી સરકાર ઉગ્ર સુત્રોચાર કરી વિરોધ જતાવ્યો હતો.

### શિયાળાની કડકડતી ઠંડી વચ્ચે

# શાળાઓનો સમય મોડો કરવા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર

## ભારતમાતા સેવા સમિતિ દ્વારા અપાયું આવેદનપત્ર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં હાલમાં ગાત્રો થીજવતી ઠંડી પડી રહી છે. ત્યારે શાળાઓમાં સવારનો સમય થોડો મોડો કરવાની માંગ સાથે ભારતમાતા સેવા સમિતિ, પાલનપુર નગર દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

પશ્ચિમ ભારતમાં શીતલહેરને પગલે હાલ સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ કડકડતી ઠંડી પડી રહી છે. શિયાળાની ગાત્રો ધ્રુજાવતી ઠંડીને પગલે લોકોનું જનજીવન ખોરવાઈ ગયું છે. ત્યારે શાળાઓમાં સવારની પાળીમાં સમય વહેલો હોવાના કારણે શાળામાં અભ્યાસ કરતા ભૂલકાઓ બીમાર પડી જવાની સાથે



અપડાઉન કરતા વિધાર્થી ઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. ત્યારે સવારની શાળાનો સમય નિયત સમય કરતા કલાક મોડો કરવાની માંગ સાથે ભારતમાતા સેવા સમિતિ, પાલનપુર નગર દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે સિનીયર સિટીઝન મંડળ દ્વારા સ્નેહમિલન સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સિનીયર સીટીઝન મંડળ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સિનિયર સિટીઝન મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન ખાતે આવેલ શ્રી મહાકાલી વાડી ખાતે પ્રાંતિજ તાલુકા સિનિયર સીટીઝન મંડળનો પ્રથમ સ્નેહમિલન સમારોહ યોજાયો હતો, જેમાં સિનિયર સીટીઝન મંડળના સભ્યો વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. એકબીજાને મળી નવા વર્ષની શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, સિનિયર સિટીઝન મંડળના પ્રમુખ સી.કે. પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ, એ.જી. પટેલ, ભરતભાઈ સોની, શરદભાઈ પરીખ, ભારતીબેન સોની વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. સીનીયર સીટીઝન મંડળ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. મંડળની સ્થાપના બાદ મંડળ દ્વારા એક પછી એક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મંડળના મંત્રી સર્મિષ્ટાબેન ખમાર, ધનજીભાઈ પટેલ, મણીભાઈ પટેલ, પ્રસારાજા, અરવિંદભાઈ રાવલ તેમજ કારોબારી સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ખાતે રહેતાં ભરતભાઈ સોની, એ.પી.જવેલર્સના માલિક દ્વારા ભોજનની સુંદર રીતે વ્યવસ્થા કરવામાં આવી હતી.

# પ્રાંતિજના સ્વામીનારાયણ મંદિરમાં શાકોત્સવની યોજાયો

## ૩૦૩ વર્ષથી ચાલી આવતી પરમપરા આજે પણ યથાવત : મંદિર સંકુલમાં આજે પણ યંત્રયુગમાં મહિલાઓ ઇંટોના ચુલા બનાવી રોટલા બનાવે છે : પ્રાંતિજ સહિત તાલુકાનાં હરિભકતો ઉમટી પડયા

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શાકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવીહતી તો મંદિર ના દ્વારા ૬૦ મણ રીંગણા અને ૧૨ મણ ઘી થી શરૂઆત કરવામાં







ખાતે આવેલ સ્વામિનારાયણમંદિર ખાતે ૩૦૩ વર્ષ થી ચાલી આવતી શાકોત્સવ ની પરમપરા આજે પણ યથાવત છે.અને દરવર્ષની જેમ આવર્ષે પણ શાકોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવીહતી.

પ્રાંતિજ મેન બજારમાં આવેલ શ્રી સ્વામી નારાયણ મંદિર ખાતે મહંત સ્વામી ગોપાલ જીવનદાસજી દ્વારા મંદિર ના સભાખંડમાં સંતોના આશીર્વાદ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગુરૂ.શા.સ્વામી પ્રાણ જીવનદાસજી દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતાં. જયારે આજથી ૩૦૩ વર્ષ પહેલાં લોયા ગામમાં ભગવાન સ્વામીનારાયણ આવેલ પ્રથા આજેપણ યથાવત છે. તો પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર સંકુલ માં ધર્મપ્રેમી મહિલા ઓ દ્વારા ઈંટો ના ચુલા બનાવી બાજરીના રોટલા બનાવેછે અને શાક ખીચડી અને છાશ નો ભોજન સ્વરૂપે પ્રસાદ લઈ હજારો હરિ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

# જ્યોતિ વિદ્યાલય, ખેડબ્રહ્મા વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૯

સંતશ્રી નથ્થુરામ બાપા જ્યોતિ વિદ્યાલય, ખેડબ્રહ્મા મુકામે શાળામાં લાંબી સેવા આપી નિવૃત થતા ત્રણ ગુરુજીઓ બી.એચ. રાઠોડ, વાય.એલ. ત્રિવેદી (સુપરવાઈઝર) અને વી.એલ. પટેલનો નિવૃતિ વિદાય કાર્યક્રમ પાવનધામના સંત તુલસીબાપાની નિશ્રામાં યોજાયો. અમેરિકા સ્થિત અંબાલાલભાઈ પટેલ, મંત્રી જેઠાભાઈ પટેલે શાલ, મોમેન્ટો, પ્રશસ્તિપત્ર અને સોનાની ચેન આપી સન્માન કરેલ. શાળાના આચાર્ય સુરેશકુમાર પટેલે સૌને આવકાર આપેલ. સાયંસ વિભાગના રાજેન્દ્રસિંહ દેવડાએ આભાર દર્શન કરેલ, સૌ સમુહભોજન લઈ છૂટા પડ્યા હતા.

# ભાવપુર નજીક ટ્રેક્ટરે ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૯

હિંમતનગર તાલુકાના ભાવપુર ગામની સિમમાંથી રવિવારે પસાર થઈ રહેલા એક અજાણ્યા ટ્રેક્ટરના વાહનચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી એક ઈસમને ગંભીર ઈજા પહોંચાડતા તેનું મોત નિપજ્યું હતું. જે અંગેની ફરીયાદ સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ઢુંઢર ગામના અનુસિંહ રજુસિંહ જાડેજાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૬ જાન્યુઆરીના રોજ ગાંભોઈ પાસેના રણાસણ રોડ પરથી પસાર થઈ રહેલા એક અજાણ્યા ટ્રેક્ટરના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી ટ્રેક્ટર ચલાવી રોડની સાઈડમાં ઉભા રહેલા લાલસિંહ અર્જુનસિંહ જાડેજાને ટક્કર મારતા તેમને ગંભીર ઈજા થતા મોત નિપજ્યું હતું. જોકે અકસ્માત કરીને અજાણ્યા ટ્રેક્ટરનો ચાલક ટ્રેક્ટર લઈને ભાગી ગયો હતો. જેથી અનુપસિંહ જાડેજાએ અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મોડાસા મહેસૂલ વિભાગમાં જમીનની કાચી અને પાકી નોંધ પડાવવા ખૂલ્લેઆમ ભ્રષ્ટાચાર

મોડાસા, તા.૯

મુખ્યમંત્રી વિજય રૂપાણી એ સરકારી સમારંભમાં જાહેરમાં મહેસુલ વિભાગમાં ભર્ષ્ટાચાર ચાલતો હોવાનું સ્વીકાર્યું છે ત્યારે મોડાસા મામલતદાર કચેરીમાંતો ભ્રષ્ટાચાર ખંડણી રૂપે માંગવામાં આવતા પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે મોડાસા મામલતદાર કચેરી માં કેટલાક સરકારી બાબુઓ અને વચોટિયા મારફતે ભ્રષ્ટાચારની બદીએ માજા મૂકી છે પ્રજાજનો સાથે રીતસરની તોડબાજી કરી સરકારી કામકાજનું કાગળિયું આગળ વધારવામાં આવે છે મોડાસા મામલતદાર કચેરીમાં આવેલી તલાટી અને સર્કલ કચેરીમાં જમીની નોંધ પાડવાના અને નોંધ મંજુર કરવાના રીતસરના ૨૦૦૦ થી વધુ રૂપિયા ખંખેરવામાં આવે છે મોડાસા આજુબાજુના વિકસતા વિસ્તારમાં જમીન એરિયા પ્રમાણે જમીનમાં નોંધ પડાવવા અને મંજુર કરવાનો ભાવ ચાલી રહ્યો છે પ્રજાજનોને ખંખેરવા સરકારી બાબુઓ વચોટિયા અને કોન્ટ્રાક પર કામ કરતા કર્મચારીઓ ના સહારે રેકેટ ચલાવી રહ્યા છે જીલ્લા કલેક્ટર દ્વારા





તપાસ હાથધરવામાં આવે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના શામળાજી રોડ પર આવેલા જીલ્લા સેવાસદન-કલેકટરાલય માં મામલતદાર કચેરીમાં ખુલ્લેઆમ ભર્ષ્ટાચાર એજ શિષ્ટાચાર ને અમલમાં મુકવામાં આવતા પ્રજાજનોને ખુલ્લેઆમ લૂંટી રહ્યા છે જમીન લે-વેચ માં કાચી અને પાકી નોંધ પડાવવા ખુલ્લેઆમ વચોટિયાઓ મારફતે ૨૦૦૦ થી ૧૦૦૦૦ રૂપિયા સુધી ખંખેરી રહ્યા છે અરજદાર રૂપિયા આપવાની આનાકાની કરેતો કોઈ પણ રીતે સર્કલ અધિકારી દ્વારા એનકેન પ્રકારે વાંધા વચકા ઉભા કરી અપીલમાં જવું પડશે જણાવી અરજદારોને રૂપિયા આપવા મજબુર કરતા મજબુરીનો માર્યો અરજદાર રૂપિયા આપવામાં તૈયાર થતો હોય છે સર્કલ અધિકારીએ માંગેલ રૂપિયા આપતા તેનેજ બતાવેલ વાંધા હવામાં ઓગળી જતા હોય તેમ પાકી નોંધ પડી આપવામાં આવે છે ખેડૂતોને નો ડ્યુ સર્ટિફિકેટ, લોન માટે બોજ એન્ટ્રી અને બોજા મુક્તિ માટે પણ ખેડૂતોને ખંખેરવામાં આવી રહ્યા છે.

સર્કલ અને તલાટી ઓફિસમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા હોવાથી ભર્ષ્ટાચારના રૂપિયા અધિકારીઓ,કર્મચારીઓ અને વચોટિયા બહાર પાર્કિંગમાં રહેલી ચાની કીટલી અને જીલ્લા સેવાસદન સામે આવેલા કોમ્પ્લેક્ષ માં અરજદારો પાસેથી બેખોફ લેવામાં આવી રહ્યા છે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન દ્વારા તમને નાક નીચે ભ્રષ્ટાચાર આદરવામાં નિપુણતા ધરાવતા અધિકારીઓ અને કર્મચારીઓ સામે લાલ આંખ કરે તેવું ખેડૂતો અને પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

# ધાનેરા તાલુકામાં આવેલ રવિયા ગામમાં રાજીવ ગાંધી ભવનનું કામ ભગવાન ભરોશે

## કોન્ટ્રાક્ટરો દ્વારા થયેલ મિલિભગતમાં કામ અધુરૂ

સરકાર દ્વારા ગામમાં રાજીવ ગાંધી ભવન જેવાં મકાનો માં ખર્ચ કરી લોકોની અને પંચાયત ની



સુવિધા માટે મકાન બનાવાય છે. ત્યારે રવિયા ગામમાં મોટું વિસાળ મકાન રાજીવગાંધી ભવન કેટલાંક વર્ષો થી અધુરૂ કામ થયેલ છે અને આજદિન સુધી મકાન નું કામ પૂર્ણ થયેલ નથી ગામનાં લોકો દ્વારા જાણવા મળેલ છે કે આ કામ પાંચેક વર્ષ પહેલાં શરૂ કરાયું હતું પછી આજદિન સુધી કામ અધુરૂ પડયું છે જે માટે કોઈ સાર-સંભાળ લેવા આવ્યું નથી.

પ્રજાના પ્રશ્નો પુછતાં જાણવા મળેલ છે કે સરપંચો અને તલાટી તથાં કોન્ટ્રાક્ટરો મળીને રૂપિયાં ચાઉ થઈ ગયા છે અને આ મકાન અધુરૂ છે રેકર્ડ પર કદાચ મકાન પાકું બોલતું હશે ? તેવા પ્રશ્નો ઉભાં થયા છે.

આ બાબતે ટી.ડીઓ સાહેબ શ્રી રવિયા ગામે રાજીવગાંધી ભવન વિષે તપાસ કરી કોન્ટ્રાક્ટરોએ આ કામ કેમ અને કયાં કારણો સર અધુરૂ રાખ્યું છે તેની તપાસ કરી યોગ્ય પગલાં ભરવાં તેવી ગ્રામ જનોની માંગ છે આ બાબતે તપાસ કરવામાં આવે તો કરોડો નાં કૌભાંડો પણ નિકળવાની શક્યતા છે.

# પાલનપુરમાં યુવતીની પજવણી કરતા પાંચ યુવકો સામે ફરિયાદ

પાલનપુરના અમદાવાદ હાઈવે પર સધી માતાના મંદિર પાસે એક યુવતીનો પીછો કરી તેની પજવણી કરતા રોમિયોને યુવતીના પરિવારજનોએ ફોન પર ઠપકો આપ્યો હતો. જેની અદાવત રાખી યુવતીના પરિવારજનોને ધોકા અને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપનાર ૫ યુવકો સામે ફરિયાદ નોંધાઈ છે.

પાલનપુરના અમદાવાદ હાઈવે પર અક્ષતમ-૩ માં રહેતી એક યુવતીનો પીછો કરી તેની પજવણી કરતા હિતેશ રમેશભાઈ પટેલ (જુના લક્ષ્મીપુરા) નામના યુવકને યુવતીના પરિવારજનો એ ફોન પર ઠપકો આપ્યો હતો. જેની અદાવત રાખી તે યુવક સહિતના ૫ શખ્સોએ ફરિયાદીને ધોકા અને ગડદાપાટુંનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અંગે ફરિયાદીની ફરિયાદને આધારે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે ૫ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# એસબીપુરા પાસેથી રાષ્ટ્રીય પક્ષી મોરનો મૃતદેહ મળી આવ્યો

પાલનપુર તાલુકાના એસબીપુરા પાસેથી રાષ્ટ્રીય પક્ષી મોરનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટ મોર્ટમ માટે ખસેડ્યો હતો. વન વિભાગે જણાવ્યું હતું કે, પ્રાથમિક



જેની જાણ થતા વન વિભાગે મૃતદેહનો કબ્જો મેળવી મોરના મોતનું કારણ જાણવા પોસ્ટ મોર્ટમ માટે ખસેડ્યો હતો.

પાલનપુર તાલુકાના એસબીપુરા નજીક રાષ્ટ્રીય પક્ષી મોર મૃત અવસ્થામાં મળ્યો હતો. જેની જાણ થતા આર.એફ.ઓ જે.એચ ચૌધરી સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. જેઓએ મૃત મોરના અનુમાનમાં મોરનું મોત કુદરતી રીતે થયું હોવાનું જણાય છે. આમ છતાં મોરના મોતનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જાણવા મળશે.

જોકે, જિલ્લામાં રાષ્ટ્રીય પક્ષી મોરના મોતના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે મોરના મોત અંગે શંકા કુશંકાઓ વ્યક્ત થઈ રહી છે.

# પાલનપુરના માનસરોવર તળાવમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો

પાલનપુરના માનસરોવર તળાવમાંથી એક મૃતદેહ મળી આવ્યો હતો. માનસરોવર તળાવમાંથી મૃતદેહ મળી આવતા લોકો ટાળે વળ્યાં હતા. જોકે, આ મૃતદેહ એક અસ્થિર મગજ ના યુવકનો હોવાની ઓળખ પ્રસ્થાપિત થઈ છે. જે યુવક માનસરોવર તળાવની પાસે હરિપુરામાં તેના મામાના ઘેર રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

# ગુહાઈ ડેમમાં નર્મદાનું પાણી નાંખવા માંગ કરાઈ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે પડેલા ઓછા વરસાદને લીધે સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા મોં વકાશીને ઉભી છે ત્યારે હિંમતનગર શહેરને તથા આસપાસના પાલિકા હસ્તકના વિસ્તારોમાં રહેતા લોકોને ઉનાળામાં પીવાની પાણીની મુશ્કેલી ન વેઠવી પડે તે માટે તાજેતરમાં જિલ્લા પાણી પુરવઠા વિભાગ દ્વારા તાજેતરમાં રાજ્ય સરકાર પાસે નર્મદા ડેમમાંથી પાઈપલાઈન મારફતે અંદાજે ૪૨૪ કરોડ લીટર પાણી ગુહાઈ ડેમમાં નાખવા માટે માંગ કરાઈ છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર પાસેના કાંણીયોલ નજીક આવેલ ગુહાઈ ડેમમાં અત્યારે ૯૩૧ કરોડ લીટર પાણીનો જથ્થો છે. જે પૈકી મે મહીના સુધીમાં ૧૨૦ કરોડ લીટર પાણી બાશપ્પીભવનના લીધે તથા અન્ય ૧૫૦ કરોડથી વધુ લીટર પાણી ઓછુ થઈ જશે.

જેના લીધે ગુહાઈ ડેમમાંથી અંદાજે ૨૭૫ કરોડ લીટર પાણી ઓછુ થઈ જશે. જેના લીધે હિંમતનગર શહેર અને અન્ય ૭૦ ગામોને પ્રતિદિન ૯૩૧ કરોડ લીટર પાણીનો જથ્થો છે. જે પૈકી મે મહીના સુધીમાં ૧૨૦ કરોડ લીટર પાણી બાષ્પીભવનના લીધે તથા અન્ય ૧૫૦ કરોડથી વધુ લીટર પાણી ઓછુ થઈ જશે.

જેના લીધે ગુહાઈ ડેમમાંથી અંદાજે ૨૭૫ કરોડ લીટર પાણી ઓછુ થઈ જશે. જેના લીધે હિંમતનગર શહેર અને અન્ય ૭૦ ગામોને પ્રતિદિન આપવામાં આવતા ૧.૫૦ કરોડ લીટર પાણીનો વપરાશ થઈ જશે જેના લીધએ આગામી ઉનાળામાં ૭૦ ગામો તથા હિંમતનગર શહેરના લોકોને પીવાનું પાણી મળે તેવી શક્યતા નહીવત છે.

આ સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે જિલ્લા પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી પહેલા પાળ બાંધવાની વિચારસરણી ધરાવીને તાજેતરમાં આ અંગે રાજ્ય સરકાર સમક્ષ ૪૨૪ કરોડ લીટર પાણી પાઈપલાઈન મારફતે ગુહાઈ ડેમમાં નાંખવાની માંગ કરી છે.

# પોલાજપુરમાં લગ્નની અદાવત રાખી હુમલો કરાતા બે ને ઈજા

હિંમતનગર, તા. ૯

હિંમતનગર તાલુકાના પોલાજપુર ગામે એક વર્ષ અગાઉ એક પરીવારના લગ્નમાં અગમ્ય કારણસર તેમાં વિક્ષેપ પડાયો હતો. જે અંગેની અદાવત રાખી પાંચ જણાએ ત્રણ દિવસ અગાઉ બે જણા પર હુમલો કરી ઈજા પહોંચાડ્યાની ફરીયાદ સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. પોલાજપુર ગામના લક્ષ્મણસિંહ માનસિંહ પરમારના જણાવ્યા મુજબ એક વર્ષ અગાઉ મુકેશસિંહ જસવંતસિંહ પરમાર, હિતેન્દ્રસિંહ માધવસિંહ પરમાર, વસંતસિંહ જસવંતસિંહ પરમાર, જસવંતસિંહ દિપસિંહ પરમાર અને માધવસિંહ દિપસિંહ પરમારે ભેગા થઈને લાલસિંહને એવું કહ્યુંહતુંકે ગત વર્ષેઅમારી બેનનુંલગ્ન કેમ બગાડ્યુ હતુ.





**અરવલ્લીમાં ચુંદડીવાળા માતાજી, મંદિરના નવનિર્માણનો પ્રારંભ, દ્વિતીય શાકોત્સવની ઉજવણી**

અરવલ્લી જીલ્લાના ધનસુરા પાસે આવેલ પ્રસિદ્ધ ગઢી માતાજીના મંદિર ના નવનિર્માણ ના પ્રારંભના પાવન પ્રસંગે પ્રસિદ્ધ ચુંદડીવાળા માતાજી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હજારો જિલ્લામાંથી હજારો લોકો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. આ સાથે દ્વિતીય શાકોત્સવનું પણ આયોજન કરાયું હતું. સાથે મોટી સંખ્યામાં સંતો ઉપસ્થિત રહ્યા હતા. સંતો એ આશીર્વચન આપ્યા હતા. આ પ્રસંગે શ્રીમાઈ જગતગુરુ ભગવતી કેશવભવાની મહારાજ, નડિયાદ સંતરામ મંદિરના મહંત શ્રી ગુરુચરણ દાસજી મહારાજ, પ.પૂ. સ્વામી શીવાનંદ તીર્થ, વેદાંત આશ્રમ, વલાદ, ધનસુરા રામજી મંદિરના મહંત શ્રી પુરણશરણદાસજી મહારાજ, પુજારી સાધુ શ્રી રામશરણદાસજી સહિત સંતો ઉપસ્થિત રહ્યા હતા.